# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2022** **Evening : 7.10 to 7.20**
**Day:-Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નેહા પંચાલ** વાંચે છે.

---

- ભાજપમાં ટોચના નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીજળીવેગી પ્રવાસ ખેડીને પાલનપુર , મોડાસા, દહેગામ અને બાવળા ખાતે સભા ગજવી.
- કોંગ્રેસ નેતા રઘુ શર્માએ કહ્યું કે ,વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુકાબલો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ છે.
- આપના રાષ્ટ્રીય આગેવાન અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ પાછળ મત નહીં બગાડવા લોકોને અપીલ કરી .
- મુંદ્રા બંદરેથી 77 કરોડ રૂપિયાના સૌંદર્ય પ્રસાધન ભળતા નામે આયાત થયા હોવાનો કેસ પકડાયો ..

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા )

# Election Campaign- PM MODI

ભાજપમાં ટોચના નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીજળીવેગી પ્રવાસ ખેડીને પાલનપુર, મોડાસા, દહેગામ અને બાવળા ખાતે સભા ગજવી હતી. ભાજપની તરફેણમાં જનમત ઊભો કરવા માટે એકલાહાથે જહેમત ઉઠાવી રહેલા પ્રધાનમંત્રી મોદી પ્રચારનો વિક્રમ રચવા તરફ આગળ વધી રહ્યા હોવાનું વિશ્લેષકો કહી રહ્યા છે.

પાલનપુર ખાતેની સભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતકાળના બધા રેકોર્ડ તૂટે તેટલું ઊંચું મતદાન કરવા માટે લોકોને અપીલ કરી હતી. બનાસકાંઠામાં નર્મદાનું પાણી પહોંચતા દાડમ સહિત બાગાયતી પાક લેવાતા ખેડૂત બે પાંદડે થયો હોવાની વાત તેમણે કરી હતી.

મોડાસાની સભામાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ દાવો કર્યો હતો કે , આદિવાસી ગામડાઓ સુધી પાણી , સડક, વીજળી, શાળા અને દવાખાના પહોંચાડવાનું કામ ભાજપના શાસનમાં થયું છે. અગાઉની સરકારોની ભૂલને લીધે શહેર અને ગામડા વચ્ચે આર્થિક અસમાનતા વધી હોવાનું પણ તેમણે કહ્યું હતું. મેડિકલ અને ઈજનેરી અભ્યાસક્રમનું ભણતર માતૃભાષામાં થાય તેવો હિંમતવાન નિર્ણય લાગુ થયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

દહેગામ ખાતેની સભામાં તેમણે કહ્યું હતું કે છેલ્લા 20 વર્ષના વિકાસને પ્રતાપે દહેગામ અને ગાંધીનગર ટ્વીન સિટી બને તે દિવસો હવે દૂર નથી. તેમણે ઉમેર્યું હતું કે , બાવળા , સાણંદ, ધોળકા અને ધોલેરાનો સમાવેશ કરતો એવો કોરિડોર આકાર પામશે જ્યાં મોટા મોટા ઉદ્યોગ સ્થપાશે.

વિરમગામથી સુરેન્દ્રનગર વચ્ચેના પટ્ટામાં લોજીસ્ટિક હબ આકાર પામવાની આગાહી પણ તેમણે કરી હતી.

બાવળા ખાતેની સભામાં ભાજપે કરેલા વિકાસ કામનો હિસાબ રજૂ કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે , બે હજાર બાવીસની ચૂંટણી ગુજરાતનું ભવિષ્ય નિર્ધારિત કરવાની છે, માટે ભાજપને જ લોકો આશીર્વાદ આપે.

**(બાઈટ-નરેન્દ્ર મોદી-પ્રધાનમંત્રી)**

..................................................

## Election Campaign- CONGRESS

કોંગ્રેસની છાવણીમાં આગેવાનો અને ઉમેદવારો પ્રચાર માટે લોક સંપર્કનો ઉપયોગ વધુ કરી રહ્યા છે અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સિવાય કોઈની મોટી સભા હજુ સુધી યોજાઈ નથી. કોંગ્રેસ આગેવાન મુકુલ વાસનિકે આજે સુરત ખાતે પત્રકાર પરિષદ કરી હતી અને ભાજપથી વધુ સારું શાસન લોકોને આપવાનો વાયદો કર્યો હતો. અમદાવાદ ખાતે ગુજરાતના પ્રભારી રઘુ શર્માએ કહ્યું હતું કે આ ચૂંટણીમાં મુખ્ય મુકાબલો કોંગ્રે સ અને ભાજપ વચ્ચે જ છે , આમ આદમી પાર્ટીને લોકો સમર્થન આપે તેવી કોઈ શક્યતા નથી.

..................................................

## Election Campaign - AAP

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિડીયો સંદેશ બહાર પાડી ગુજરાતના મતદારો કોંગ્રેસ પાછળ

પોતાનો મત નહીં બગાડવા અપીલ કરી છે ,  કારણ કે ચૂંટાયા પછી મોટાભાગના ધારાસભ્ય કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ જાય છે.

તેમણે ઉમેર્યું કે , પક્ષપલટો થવાથી ભાજપને પરાજિત કરવા પડેલા મત વ્યર્થ જાય છે.  ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટી બીજા નંબરે હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.  આપ તરફથી મુખ્યમંત્રી પદના દાવેદાર ઈસુદાન ગઢવીએ પોસ્ટલ બેલેટ વડે મતદાન કરી રહેલા સરકારી કમચારીઓને ટ્વિટર વડે મત આપવા તેમણે અપીલ કરી હતી.  સુરતના કરંજ મતવિસ્તારમાં ભાજપના કાર્યકર હસુભાઈ ભાદાણી આજે પોતાના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાતા કરંજના ઉમેદવાર મનોજ સોરઠિયાએ તેમણે આવકાર આપ્યો હતો.

આપના નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની હાજરીમાં રાજપીપળા, નસવાડી, કરજણ અને ક્વાંટ રોડ- શો યોજાયો હતો.

..................................................

# AAZADI KA AMRUT MAHOTSAV

આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)

..................................................

# VOTE APPEAL

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પહેલી ડિસેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન છે. લોકશાહીના આ મહા પર્વમાં તમામ મતદારો ભાગ લે અને પોતાની પવિત્ર ફરજ કોઈપણ અફવા , લોભ લાલચ કે ભય વગર અદા કરે તેવી પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી મહેન્દ્ર બગડીયાએ અપીલ કરી હતી.

(બાઈટ : મહેન્દ્ર બગડીયા)

..............................................

# MATDAN JAGRUTI PROGRMME

લોકશાહીને ધબકતી રાખવા માટે મતદાન જરૂરી છે. વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવાઈ રહ્યા છે.

વલસાડ ચૂંટણી તંત્રએ માનવીય અભિગમ અપનાવી હોસ્પિટલ પહોંચી પોસ્ટલ બેલેટથી વયોવૃધ્ધ દંપતી પાસે મતદાન કરાવ્યું હતું.

જામનગરની એક યુવતીએ ભારતના પ્રથમ વયસ્ક મતદાર શ્યામ શરણ નેગીનું પેઇન્ટિંગ બનાવી શહેરીજનોને મતદાન કરવા અપીલ કરી હતી.

ભરૂચ જિલ્લામાં પણ બી.એલ.ઓ ઓફિસરો દ્વારા ભરૂચ જિલ્લાના ૫ વિધાનસભા વિસ્તારોમાં ક્યુઆર કોડવાળી મતદાર માહિતી સ્લીપનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં બુથ લેવલ ઓફિસરો દ્વારા ઘરે ઘરે જઈને મતદાતાઓને સ્લીપ આપવામાં આવી રહી છે.

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે ગ્રામજનો તથા વેપારીઓને તાપી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અંગેના શપથ ગ્રહણ કરાવી મતદાન જાગૃતિ અંગેની સમજ અપાઈ હતી.

જૂનાગઢમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજે બુથ લેવલ ગ્રુપના સદસ્યો સાથે સંવાદ સાધી, મતદારોને મતદાન મથક સુધી લાવવા અને દરેક મતાધિકારનો ઉપયોગ કરે તે માટે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોમાં મતદાન કરે તે માટે સિગ્નેચર કેમ્પેઇન ચલાવવામાં આવી રહ્યું છે. દિવ્યાંગજનો દ્વારા સિગ્નેચર કરીને મતદાન કરવા માટેની ખાત્રી આપી હતી.

રાજપીપલા ખાતે પ્રિસાઇડીંગ-આસિસ્ટન્ટ પ્રિસાઇડીંગ અને પોલિંગ ઓફિસરોની બીજા તબક્કાની દ્વિ-દિવસીય તાલીમ વર્ગનો પ્રારંભ થયો હતો.

તો સમીક્ષા માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ખાસ નિરીક્ષક અક્ષય રાઉતે નર્મદા જિલ્લાની મુલાકાત લઈ સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી.

દેડીયાપાડાની તાબદા ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં ભાગ લઈને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી અને પ્રાઉડ વોટર સેલ્ફી પડાવી શાળા પરિવાર-ગ્રામજનોનો “હું વોટ કરીશ જ” સંકલ્પ લીધો હતો.

ડાંગ જિલ્લાની તમામ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ કોલેજો, આઇ.ટી.આઇ, પોલીટેકનીક કોલેજ, કૃષિ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા તમામ વિ દ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓ મારફત સંકલ્પપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં મતદાન સંકલ્પપત્રો ભરી નૈતિક મતદાનનો સંકલ્પ કર્યો..

**આહવાના** પોલીસ પરેડ ગ્રાઉન્ડ સ્થિત પોલીસ ભવન ખાતે યોજાયેલા મતદાનમાં દિવ્યાંગ, અશક્ત, અને વરિષ્ઠ મતદારો માટે નોંધાયેલા કુલ ૧ હજાર ૬૭૨ મતદારો પૈકી ૧ હજાર ૧૭૦ મતદાતાઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતુ.

સુરેન્દ્રનગરમાં વયોવૃદ્ધ 1 હજાર 135 મતદારો અને 117 દિવ્યાંગ મતદારોએ અત્યાર સુધી પોસ્ટલ બેલેટનાં માધ્યમથી મતદાન કર્યું છે.

હિંમતનગર ખાતે ટ્રાન્સજેન્ડર , મુક-બધિર દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

.................................................

# Mundra- SEZ Proceedings

મુન્દ્રા સેઝ ખાતે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ DRI ની કાર્યવાહીમાં 77 કરોડ રૂપિયાની કિમંતનાં બ્રાન્ડેડ કોસ્મેટિક્સ જપ્ત કરાયા છે. ચોક્કસ બાતમીના આધારે, ચાઇનાથી મુન્દ્રા માટે નિર્ધારિત કન્ટેનરને નિષેધ માલસામાન હોવાની શંકાના આધારે હોલ્ડ પર રાખવામાં આવ્યું હતું. દસ્તાવેજોમાં માલનું વર્ણન 'વેનિટી કેસ 'ના 773 પેકેજોનું હતું , પણ વિગતવાર તપાસમાં પ્રારંભિક કેટલીક હરોળમાં જાહેર કરાયેલ માલનો સમાવેશ અને તેની પાછળ મેક અપ ફાઉન્ડેશન જેવા વિવિધ પ્રકારના સૌંદર્ય પ્રસાધનો છુપાયેલા મળી આવ્યા હતા.

કસ્ટમ્સ એક્ટનું ઉલ્લંઘન કરતો માલસામાન મળી આવ્યો હોવાથી કન્સાઈનમેન્ટની અટકાયત કરવામાં આવી હતી.